ગુજરાત યુનિવર્સિટી
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯
ગુજરાત, ઇન્ડિયા
ફેક્સ:(૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન:૨૬૩૦૧૩૪૧-૦૩૪૨-૦૩૪૩-૦૧૨૬

NAAC Grade A+

GUJARAT UNIVERSITY
Office of the Gujarat University,
Post Box No. 4010, Navrangpura,
Ahmedabad-380009
Gujarat, India
www.gujaratuniversity.ac.in
Fax:(079) 26302654
Telephone:26301341-0342-0343-0126

R/Online/9450/2025 12/09/2025

પ્રતિ,
આચાર્ય શ્રી/ડાયક્ટર શ્રી/ અધ્યક્ષશ્રી,
તમામ ભવનો/તમામ ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમો/તમામ કોલેજો

વિષય – VAC અંતર્ગત 117(IKS) & 237(IKS) વિષયો વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરવાની તક આપવા બાબત...

શ્રીમાન,

ભારતીય જ્ઞાન પરંપરાના વિષયોને ઓનલાઈન માધ્યમથી તેના તમામ સ્નાતક કક્ષાના વિધ્યાર્થીઓને વિનામૂલ્યે અભ્યાસ કરવાનો વિકલ્પ આપનાર ગુજરાત યુનિવર્સિટી વિશ્વની પ્રથમ યુનિવર્સિટી છે. ગુજરાત યુનિવર્સિટીના તમામ સ્નાતક કક્ષાના વિધ્યાર્થીઓ એ વેલ્યુ એડેડ કોર્સ અંતર્ગત સેમેસ્ટર એકમાં 117(IKS) અને સેમેસ્ટર ત્રણમાં 237(IKS)નો અભ્યાસ કરવાનો થાય છે. તે માટે ગુજરાત યુનિવર્સિટી તેનો ઓનલાઈન અભ્યાસ કરવાનો અને પરીક્ષા આપવાનો વિકલ્પ આપી રહી છે. તે માટે વિધ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીની ઓનલાઈન અભ્યાસ કરવાની વેબસાઈટ https://online.gujaratuniversity.ac.in/ પર તેનુ વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે.

રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ તેમને ઓનલાઈન અભ્યાસમાં જોડવામાં આવશે. ઓનલાઈન અભ્યાસ કરતા વિધ્યાર્થીને ઓફલાઈન કે ક્લાસમાં તે વિષયનો અભ્યાસ કરવામાંથી મુક્તિ મળશે. વિધ્યાર્થી ઓનલાઈન પરીક્ષા પણ આપી શકશે જેના માર્કસ અને ક્રેડીટ યુનિવર્સિટી દ્વારા માન્ય રાખવામાં આવશે. આપની સંસ્થાનો સંલગ્ન વિધ્યાર્થીઓને https://online.gujaratuniversity.ac.in/ પર તેમનુ વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરાવવા માહિતગાર અને પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે online@gujaratuniversity.ac.in પર સંપર્ક કરવો.

કા.કુલસચિવ શ્રી
ગુજરાત યુનિવર્સિટી

## ગુજરાત યુનિવર્સિટીના આ ઓનલાઈન અભ્સાક્રમોની નિચે મુજબની વિશેષતાઓ છે

- વર્ષમાં બે વાર પ્રવેશ
- વિશ્વના કોઈપણ ખુણેથી કોઈપણ વ્યક્તિ કે જે અભ્યાસક્રમની લધુત્તમ લાયકાત ધરાવતા હશે તે પ્રવેશ મેળવી શકશે.
- વિદ્યાર્થીનો પ્રવેશ, અભ્યાસ, પરીક્ષા અને પરિણામ તમામ પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી થશે.
- યુજીસી માન્ય અભ્યાસક્રમો. આ અભ્યાસક્રમમાં અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીને ભારતની કે વિશ્વની કોઈપણ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા પાત્રતા મળશે.
- 30 ટકા ઈન્ટરનલ અને 70 ટકા એક્સટર્નલ પરીક્ષા હશે.
- પરિણામ સુધારણાનો વિકલ્પ પણ મળશે.
- સમયની જરૂરિયાત પ્રમાણે એડ ઓન સર્ટીફીકેટ કોર્સ પણ કરાવવામાં આવશે.
- સૌથી વધુ પરિણામ મેળવનારને ગોલ્ડ મેડલ અને અન્ય મેરીટ પ્રમાણપત્ર આપવામાં આવશે.
- વિદ્યાર્થીઓ ડ્યુઅલ કે જોઈન્ટ ડીગ્રી પણ મેળવી શકે છે. એટલે કે રેગ્યુલર અભ્યાસક્રમની સાથે ઓનલાઈન અભ્યાસક્રમાં પણ જોડાઈ શકે છે. બે અભ્યાસક્રમ એકસાથે કરી શકશે.
- ઓનલાઈન અભ્યાસક્રમો દ્વારા મેળવેલા પ્રમાણપત્રો ગુજરાત યુનિવર્સિટીના રેગ્યુલર અભ્યાસક્રમો સમકક્ષ રહેશે.
- આ ઓનલાઈન અભ્યાસક્રમો લાયકાત સુધારણા માટેની ધણી તકો ઉભી કરશે.
- સેમેસ્ટર 1 અને 3 ના વિધ્યાર્થીઓ ભારતીય જ્ઞાન પરંપરા (IKS) ના વિષયનો ઓનલાઈન અભ્યાસ કરવામાટે https://online.gujaratuniversity.ac.in પર તેમનુ વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરાવી શકે છે.
- ઓનલાઈન 3 સ્નાતક અને 3 અનુસ્નાતક અભ્યાસક્રમોમાં માટે એડમીશન માટે પણ https://online.gujaratuniversity.ac.in પર તેમનુ વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરાવી શકે છે.